ફૂટપાત પર પથારો - ગાંધીનગરના હાર્ટ સમા સેક્ટર-૨૧ના મુખ્ય શોપીંગ સેન્ટરની આસપાસની તમામ ફૂટપાથો પરનો પથારો દિવસે ને દિવસે વધતો જાય છે... ગંદકી ખૂબ કરે છે... ટ્રાફીકને અવરોધે છે... અને પાર્કીંગના પ્રશ્નો ઉભા થાય છે... શોપીંગ સેન્ટરની આસપાસ આ પ્રકારની વેપાર પ્રવૃત્તિ દુકાન માલિકો માટે પણ પીડાજનક છે... દુકાન માલિકો એમ સ્પષ્ટ કહે છે કે સરકારમાં વેપાર કરવા માટે મફત જગ્યા મળતી હોય તો અમારે આટલા મોટા રોકાણોની આવશ્યકતા જ શું છે ? આ સમસ્યા દિન-પ્રતિદિન વકરતી જાય છે, ગાંધીનગર જેવા સુંદર શહેરમાં સોનાની થાળીમાં લોઢાની મેખ જેવી આ સમસ્યા માટે તંત્ર તાકિદે પગલાં લે એ જરૂરી છે... ફૂટપાથ રાહદારીઓને ચાલવાની સગવડ માટે બનાવી છે કે, પાથરણાવાળાની પથારાઓથી અગવડતા માટે.... **(તસવીર : કશ્યપ નિમાવત)**

રવિવારે મોડી સાંજથી બજારોમાં રક્ષાબંધનની ખરીદી જામી

રાખડીઓ લઈ મીઠાઈ, ફરસાણ, કેક, ચોકલેટ અને વિવિધ ગીફ્ટસની ખરીદી માટે બજારો ઉભરાયા

ગાંધીનગર, તા.૧૮

ભાઈ-બહેનના પવિત્ર સ્નેહના પ્રતિક સ્વરૂપે ઉજવાતા રક્ષાબંધનને આડે હવે માત્ર એક જ દિવસ બાકી છે ત્યારે રવિવારની રજામાં બજારોમાં રક્ષાબંધનની

(તસવીર : દિપક જાની)

ખરીદીની ભીડ જામી હતી. રાખડીઓથી લઈને જુદી જુદી ગીફ્ટની ખરીદી મોટા પાયે થઈ હતી.

આજે વરસાદે વિરામ લેતા રક્ષાબંધનની ઘરાકી નીકળી હતી. રવિવારની રજાનો લાભ લઈ સૌ કોઈ રક્ષાબંધન માટેની ખરીદી કરવા નીકળ્યા હતા. સવારથી મોડી સાંજ સુધી શહેરના મુખ્ય બજારોમાં ભીડ જોવા મળી હતી. વિવિધ આકારની રાખડીઓ ખરીદવા માટે બહેનોએ દુકાનો પર ભીડ જમાવી હતી. નાની મોટી દુકાનો અને લારી-ગલ્લા પરથી પણ રાખડીની ખરીદી થઈ હતી. સોના-ચાંદીની મોંઘી રાખડીઓની ખરીદી માટે જવેલર્સની દુકાનો પર પણ ભીડ જોવા મળી હતી. સાથે જ રક્ષાબંધનના પર્વે બહેનને ભેંટ આપવા માટે દાગીનાથી લઈને ચોકલેટસ સુધીની ખરીદી થતી જોવા મળી હતી.

આ અવસરે મીઠાઈ અને ફરસાણનું પણ ખુબ મહત્વ છે. રાખડી બાંધીને ભાઈ-બહેન એકબીજાનું મોં મીઠું કરાવે છે. રક્ષાબંધન પર્વ માટેની ખાસ મીઠાઈ બોક્સનું વેચાણ વધ્યું હતું. હવે તો મીઠાઈ ઉપરાંત ચોકલેટસ અને કેક-પેસ્ટ્રીથી પણ એકબીજાનું મોં મીઠું કરાવાય છે. બેકરીની દુકાનો પર આ અવસરના ખાસ કેકની બોલબાલ રહી હતી અને તેની ખરીદી પણ મોટા પાયે થઈ હતી. ચોકલેટ રાખીનું આકર્ષણ પણ આ વખતે વધુ જોવા મળ્યું હતું.

સાડી, ડ્રેસ મટીરીયલ, રેડીમેડ ગાર્મેન્ટસની દુકાનો પર ભીડ જોવા મળતી હતી. બહેનને ગમે તેવી ગીફ્ટ આપવા માટે ભાઈઓ બજારોમાં પરીવાર સાથે ફરતા જોવા મળ્યા હતા. વરસાદે આજે પોરો ખાતા ખરીદી કરવાની સૌને મજા પડી ગઈ હતી. હવે તો ગીફ્ટમાં મોબાઈલ ફોન, આઈપેડ, ટેબલેટ જેવી ઈલેકટ્રોનિક આઈટમો આપવાની ફેશન પણ જામી છે. ઈલેકટ્રોનિકસની દુકાનો પણ આજે ભરચક રહી હતી. આ ઉપરાંત બહારગામ રહેતા ભાઈને રાખડી મોકલવા માટે બહેનોએ કુરીયરનો ઉપયોગ કર્યો છે. કુરીયરવાળાઓ પણ છેલ્લા બે ત્રણ દિવસથી રાખી કવર મોકલવામાં જ વધુ વ્યસ્ત જોવા મળ્યા હતા.

વરસાદી પાણીમાં ઘમરોળાયેલા શહેરના માર્ગોથી નાગરિકો ત્રસ્ત

ઉઘાડ નીકળતા માર્ગો પર ધૂળ અને કાંકરી ઉડતા વાહનચાલકો પરેશાન : ઉબડ-ખાબડ માર્ગો પર કેટલાક ઠેકાણે ગાબડા

ગાંધીનગર, તા. ૧૮

સતત બે મહીનાથી વરસાદી પાણી ટપકતા શહેરના રોડનેટવર્કની દુર્દશા બેઠી છે. શહેરના મોટાભાગના માર્ગોનું ધોવાણ થતા ઉબડ-ખાબડ રસ્તાઓના લીધે નાગરિકોએ પરેશાની વેઠવી પડે છે. સતત વરસાદના લીધે ખરબચડા રસ્તાઓ પર કેટલાક ઠેકાણે ગાબડા અસ્તિત્વમાં આવ્યા છે. સેક્ટરોના આંતરિક માર્ગો ઉપરાંત મુખ્ય માર્ગોનું પણ વરસાદમાં ધોવાણ થતા રસ્તાઓને નુકશાન થયું છે. પથિકાશ્રમથી વાવોલ માર્ગ પણ કાચબાની પીઠ જેવો થઈ ગયો છે. માર્ગોનું ધોવાણ થતા સતત ઉડતી ડામરની કાંકરીઓથી રાહદારીઓ તોબા પોકારી ગયા છે.

છેલ્લા બે મહિનાથી આકાશમાં છવાયેલા વરસાદી વાદળોના લીધે શહેરમાં મેઘમહેર યથાવત રહી છે. ચોમાસા દરમિયાન આકાશમાંથી સતત ટપકતા પાણીના લીધે શહેરમાં વરસાદી સમસ્યાઓ ઉભરી રહી છે. સતત વરસાદના લીધે શહેરનું રોડ નેટવર્ક પણ પ્રભાવિત થયું છે. વરસાદી પાણીના ભરાવાના લીધે માર્ગોનું ધોવાણ થતા ખરબચડા રસ્તાઓ પર ધુળ અને ડામરની કાંકરીઓ ઉડતા વાહનચાલકો પરેશાન થઈ ગયા છે. તેમાંય ગત ઉનાળા દરમિયાન જે માર્ગોનું નવીનીકરણ થયું છે તેના

● અનુસંધાન પાન-૭ પર

સ્વાતંત્ર્ય દિનની અનોખી ઉજવણી

બે રાજકીય યુવા આગેવાનો દ્વારા દિશાદર્શક ઉજવણી : ૨૧ બાળાઓને શૈક્ષણિક સુવિધા માટે કાઉન્સીલરે દત્તક લીધી તો ૯૭ અતિકુપોષિત બાળકોને કુપોષણમુક્ત કરવા ધારાસભ્યે દત્તક લીધા

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર શહેરના કાઉન્સીલર શ્રી હર્ષજીત પંડ્યા તથા ધારાસભ્યશ્રી અમીત ચૌધરીએ બાળકો દત્તક લઈ સમાજસેવાના એક અનોખા યજ્ઞનો આરંભ કર્યો છે.

કાઉન્સીલર શ્રી હર્ષજીત પંડ્યાએ સે. ૨૮ની ૨૧ બાળાઓને વસાહત મંડળ અને કોંગ્રેસના ઝોન-૨ના પ્રમુખશ્રી વિજયસિંહ વાઘેલાએ આ બાળાઓને દત્તક લીધી છે.

૧૫મી ઓગષ્ટના રોજ વસાહત મંડળના અગ્રણી શ્રી વસંતભાઈના નેતૃત્વમાં યોજાયેલા એક સાદા સમારોહમાં આ અંગેની ઘોષણા કરી હતી. બાળાઓને વિદ્યાસહાયનો તમામ ખર્ચ એક વર્ષ સુધી ઉઠાવવાની જાહેરાત આ સમારોહમાં કરાઈ હતી. આ કાર્યને ચિમન વિંઝુડા, મુકેશ પટેલ, અંકિત બારોટ, કે.આર. પટેલ સહિત સૌ અગ્રણીઓએ બિરદાવ્યો હતો.

તો બીજી તરફ માણસાના કોંગ્રેસી ધારાસભ્ય શ્રી અમીત ચૌધરીએ સમગ્ર માણસા તાલુકાના ૯૭ જેટલા અતિકુપોષિત જણાયેલા બાળકોને દત્તક લઈ સાચા અર્થમાં જનજાગૃતિના અભિયાનમાં જોડાવાની સૌને હૃદયસ્પર્શી અપીલ કરી છે.

શ્રી અમીત ચૌધરીએ જણાવ્યુ હતુ કે કુપોષણ મુક્ત તાલુકો બનાવવાનો તેમણે સંકલ્પ લીધો છે. પ્રથમ તબક્કામાં તેમણે અતિકુપોષિત બાળકોને દત્તક લીધા છે અને આ બાળકોની યાદી માટે તંત્રને લેખિતમાં પણ જાણ કરી દીધી છે. આ પછી તેઓ ગ્રેડ-૩ અને ગ્રેડ-૨માં આવતા બાળકોને દત્તક લેવાનું આયોજન કરશે.

ગાંધીનગરના આ બન્ને યુવા અગ્રણીઓએ ૧૫મી ઓગષ્ટની ઉજવણી સમાજસેવાના નવતર અભિગમથી કરી છે.

ખૂણે... ...ખાંચરેથી

- ગાંધીનગર જિલ્લા શિક્ષણાદિકારીશ્રીની કચેરીમાં ફરજો બજાવતા શ્રી જાદવને ચિકનુનિયા પોઝીટીવ જણાતા તેમણે ખાનગી હોસ્પિટલમાં સારવાર શરૂ કરાવી છે.
- ગાંધીનગરના જાણીતા પેથોલોજીસ્ટ ઉદય માંકડને ડેન્ગ્યુ પોઝીટીવ જણાતા ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.
- શહેરમાં છેલ્લા એક માસમાં ૧૫ થી વધુ ડેન્ગ્યુના કેસ નોંધાયા છે.
- સે.-૭-બી અને ડી ના વસાહત મહામંડળ દ્વારા આજે આ વિસ્તારના તેજસ્વી તારલાઓનું સન્માન કરાયુ હતુ જ્યારે ૭૫ થી વધુ વયના વડીલોની વયવંદના કરવામાં આવી હતી.
- સાબરમતી નદી પર બાંધવામાં આવેલ ધરોઈ ડેમની સપાટી ૬૦૭ ફૂટે પહોંચી છે, જ્યારે પાણીની આવક આજે પણ ૧૮૦૦ ક્યુસેક થઈ રહી છે.
- સચિવાલયમાં આવેલ ન્યુ ક્રેડીટ સોસાયટીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સના જંગમાં ૭ ઉમેદવારો મેદાનમાં રહ્યા છે.
- બ્રહ્મસમાજના આજે યોજાયેલ એક સમારોહમાં ઈટાલીથી સ્ટુડન્ટ એક્ચેન્જ પ્રોગ્રામ હેળ ગાંધીનગર આવેલ સોફિયાનું વિશેષ સન્માન કરાયું હતું. તે શિવમહીમન્નના પાઠોમાં નિયમિત હાજરી આપી રહી છે.
- સેક્ટર-૨૩, કડી કેમ્પસ ખાતે આજે રક્ષાબંધનની સામુહિક ઉજવણીનું આયોજન કરાયું છે. રક્ષાબંધન સંબંધિત ગીતો સમગ્ર કેમ્પસમાં ગુંજે એવી સાઉન્ડ સિસ્ટમ સાથે સામુહિક રીતે રક્ષાબંધન ઉજવાશે. જેમાં કેજીથી પીજી સુધીના વિદ્યાર્થીઓ જોડાશે.

ભારત સરકાર ખેડૂતો વિરોધી ષડયંત્રો બંધ કરે : કિસાન સંઘ

સરકાર સમય પહેલા ચેતી જાય : કિસાન સંઘની ચિમકી

ગાંધીનગર, તા. ૧૮

આઝાદીના સમયે દેશની કુલ આવકમાં કૃષિનું યોગદાન ૫૦ ટકાથી વધારે હતુ. જ્યારે કૃષિક્ષેત્રે ૮૦ ટકાથી વધુ રોજગારી મળી રહેતી હતી. કૃષિની આવક હાલ ઘટીને ૧૫ ટકાથી નીચે આવી ગઈ છે. સરકારની કિસાન વિરોધી નીતિના લીધે છેલ્લા દસકામાં ૯૦ હજાર ખેડૂતોએ આત્મહત્યા કરી છે. જ્યારે ૪૨ ટકા કિસાનો ખેતી છોડી દેવા તૈયાર થયા છે. મોંઘવારી વચ્ચે કૃષિ ઉત્પાદનોની કિંમત ઉપજતી નથી. આ મામલે ભારતીય કિસાન સંઘે ભારત સરકારને કિસાન વિરોધી નીતિઓ અને પડયંત્રો બંધ કરી સમય પહેલા ચેતી જવા આડકતરી ચિમકી ઉચ્ચારી છે.

ભારતીય કિસાન સંઘ ગુજરાત પ્રદેશના કાર્યકર્તા રામુભાઈ છગનરામ પટેલે આ અંગે રજૂઆતમાં જણાવ્યા અનુસાર દેશના કિસાનો પ્રત્યેના શત્રુ સમાન વ્યવહારને વ્યાજબી ઠરાવવાની કોશિષ થઈ રહી છે. કેન્દ્ર સરકાર રાજ્ય સરકારના અધિકારક્ષેત્રમાં હસ્તક્ષેપ કરી કિસાન વિરોધી પરિબળોને પ્રોત્સાહિત કરવાની નીતિ અપનાવી છે.

આજે દેશમાં કિસાનોના હિતમાં કોઈ ઉર્જા નીતિ નથી. ઉર્જાના નામ પર સરકાર કરોડો રૂપિયા વિદેશી કંપનીઓને ચોકકસ આપે છે. કિંસાનોના બેંક ખાતામાં સીધા અનુદાન જમા કરવાની સરકારી જાહેરાત માત્ર દેખાવ છે. વ્યાજ વગરનું ધિરાણ પ્રાપ્ત કરવું એ કિસાનો માટે સપનું બની ગયું છે. પ્રત્યેક કિસાન, પશુ, ખેતર અને પાકોના વીમો મેળવવાનું પણ માત્ર કલ્પના કરવા પુરતુ સિમિત છે એનાથી એવું સાબિત થાય છે કે હાલની વીમાનીતિના દ્વારા પણ સરકાર એમ ઈચ્છી રહી છે કે કિસાન અને ખેતી બરબાદ થઈ જાય.

એપ્રિલ ૨૦૧૦થી ફોસ્ફેટ મુક્ત ખાતરોની કિંમતો ૯૦૦ રૂપિયાથી વધીને ૨૪૦૦ રૂ. પ્રતિ ક્વિન્ટલ, પોટાશ ખાતરોની કિંમતો ૪૫૦ રૂપિયાથી વધારીને ૧૭૦૦ રૂ. પ્રતિ ક્વિન્ટલ થઈ ગયા છે. સરકારને ડીઝલની કિંમતોમાં દર મહિને ૫૦ પૈસા વધારવાની પણ શરૂઆત કરી દીધી છે. કૃષિ પડતરમાં ૨૦ ટકા હિસ્સો ડિઝલનો હોવા છતાં આ વસ્તુઓની કિંમત વૃદ્ધિની સરખામણીમાં કૃષી ઉત્પાદનોની કિંમતો પણ વધારવી જોઈએ વિચારવાળુ કોઈ નથી. કૃષી લાગત અને મૂલ્ય નિર્ધારણ આયોગ ઉપરના કારણોને ધ્યાને લઈ અનાજની કિંમત વધારવાની વિચારણા કરે છે. ગ્રાહક મંત્રાલય એનો વિરોધ કરે છે. બીજી બાજુ એજ કૃષિ આયોગ ઘઉંના હાલના ભાવને બરાબર છે એમ બતાવવાનો પ્રયાસ કરે છે. ગયા ચાર વર્ષોથી સામાન્ય અનાજથી લઈ કપાસ સુધીની નિકાસને વારંવાર પ્રતિબંધિત કરેલ છે. અને સરકાર અમેરિકાથી ઘઉં તેમજ અમદાવાદ, તા.૧૮

કોંગ્રેસે આજે ભાજપ સરકાર ઉપર આક્ષેપ કરતાં જણાવ્યું હતું કે, ગુજરાતની ભાજપ સરકારમાં વિકાસ દર વધ્યો હોવા છતાં ગરીબી પણ ૩૯ ટકાના દરે વધી છે, સામાજીક સેક્ટરમાં બીજા રાજયોની સરખામણીમાં પછાતપણામાં ધકેલાઈ ગયું છે. આ સ્પષ્ટ બતાવે છે કે ગુજરાતની ભાજપ સરકાર અસમતુલિત વિકાસ કરીને ગરીબો અને ધનવાનો વચ્ચેની ખાઈ વધારી રહી છે. સિદ્ધપુરના ધારાસભ્ય અને ગુજરાત વિધાનસભામાં કોંગ્રેસ પક્ષના દંડક બળવંતસિંહ રાજપુતે આ મુજબનો આક્ષેપ કર્યો હતો.

ભારતમાં ૨૦૦૯-૧૦માં ગરીબોની સંખ્યા ૪૦ કરોડની હતી જે ઘટીને ૨૦૧૧-૧૨માં ૨૭ કરોડની થઈ છે ત્યારે ગુજરાતમાં ૨૦૦૦ની સાલમાં ૨૩.૨૯ લાખ ગરીબીની રેખા નીચે જીવતાં કુટુંબો હતા જે વધી ૨૦૧૨માં ૩૦.૪૯ લાખ કુટુંબો થયા છે એટલે કે છેલ્લા ૧૨ વરસમાં ગુજરાતના ગરીબોની સંખ્યા ૩૯.૦૬ ટકાનો નોંધનીય વધારો થયો છે. આ આંકડાઓ રાજ્ય સરકારના ગ્રામીણ વિકાસ કમિશનના છે. ૨૦૦૯થી રાજ્યમાં ગરીબી દુર કરવા માટે ભાજપની સરકારે ગરીબ કલ્યાણ મેળાઓ યોજવા છતાં સરકારી આંકડાઓ પ્રમાણે આદિવાસી જીલ્લાઓ જેવા કે નર્મદામાં ૭૨.૪૫ ટકા, દાહોદમાં ૭૧.૭૫ ટકા, ડાંગમાં ૭૦.૧૪ ટકા, પંચમહાલમાં ૫૦.૭૩ ટકા લોકો ગરીબીની રેખા નીચે જીવે છે જ્યારે બનાસકાંઠામાં ૪૮.૫૨ ટકા, વલસાડમાં ૪૮ ટકા, વડોદરામાં ૪૬.૬૬ ટકા, સુરેન્દ્રનગરમાં ૪૬.૫૦ ટકા, ભરૂચમાં ૪૬.૦૨ ટકા, આણંદમાં ૪૫.૬૫ ટકા, પાટણમાં ૪૨.૧૨, ખેડામાં ૪૨.૦૫ ટકા અને સુરતમાં ૪૦.૭૯ લોકો ગરીબીની રેખા નીચે જીવે છે.

વધુમાં ઓરીસ્સામાં વર્ષ ૨૦૦૪-૦૫ થી ૨૦૦૯-૧૦ સુધીમાં ૨૦ ટકા ગરીબી ઓછી થઈ છે જ્યારે ગુજરાતમાં ૮.૪ ટકા ઓછી થઈ છે. આની સામે ઓરીસ્સાનો વિકાસદર ૭.૯૨ ટકા હતો જ્યારે ગુજરાતનો વિકાસદર ૧૦.૩૦ ટકા હતો આમ જો ગુજરાત વિકાસદર વધતો હોય તો ગરીબી કેમ ઘટી ના શકે ? વર્ષ ૨૦૦૪-૦૫ની સરખામણીમાં માથાદીઠ રાજ્યના ચોખ્ખા ઘરગથ્થું ઉત્પાદનના ક્રમાંકમાં ગુજરાતનો નંબર

● અનુસંધાન પાન-૭ પર

સ્કૂલ ઓફ એક્ટિંગ - ગાંધીનગર કલ્ચરલ ફોરમ સંચાલિત કલ્ચરલ સ્કૂલ ઓફ એક્ટીંગના શનિવારના વર્ગમાં ગુજરાતના રંગમંચના જાણીતા કલાકાર અર્ચન ત્રિવેદીએ અભિનયના વિવિધ પાસાઓ રસપૂર્વક સમજાવ્યા હતા. રસપ્રદ શૈલીમાં મુદ્દાસર સમજાવટની સાથે સાથે પ્રેક્ટીકલ અભિનય પણ શિખવાડ્યો હતો. સ્કૂલ ઓફ એક્ટીંગમાં ગુજરાતના જુદા જુદા શહેરોમાંથી નાટ્યજગતના ખ્યાતનામ કલાકારો પોતાના અનુભવો અને જ્ઞાન ગાંધીનગરના કલાપ્રેમીઓને પીરસે છે...

ગુજરાતમાં ગરીબી ૩૯ ટકા દરે વધી છે : કોંગ્રેસ

મોદી સરકાર અસમતુલિત વિકાસ કરીને ગરીબો અને અમીરો વચ્ચે ખાઈ વધી રહી છે : બળવંતસિંહનો આક્ષેપ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com